## આજે છાલા ગામે હસુદાદાની દરગાહના ઉર્સ પ્રસંગે માનતાની મહેંદીઓ નિકળશે

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર તાલુકાના છાલા ગામે આવેલી હસુદાદાની દરગાહે ઉર્સ પ્રસંગે હસુદાદાની કરવટાની મહેંદી નીકળે છે. આજે તા. ૨૪મી નવેમ્બરને શનિવારે મગરેબની નમાઝ બાદ હસુદાદાની માનતાની કરવટાની મહેંદીયો નિકળશે.

છાલા ગામમાં દર વર્ષે નિકળતી માનતાની મહેંદીયોમાં મુસ્લિમ ભાઈઓ બહેનો સાથે હિન્દુઓ પણ મહેંદીયોમાં તેલ પુરી પોતાની આસ્થા, શ્રદ્ધા પ્રગટ કરી કોમી એકતાના દર્શન કરાવે છે. દરગાહના ઓલિયાના જણાવ્યાનુસાર મહેંદી પીપળના લાકડામાંથી બનાવવામાં આવે છે. તેમાં જેમની માનતા પૂર્ણ થયેલી હોય તે હસુદાદાની મહેંદી કરી પોતાની શ્રદ્ધા સાથે માનતા પુરી કરે છે. આ પ્રસંગે ગામમાં મોટી સંખ્યામાં માનવ મહેરામણ ઉમટી પડે છે એમ મુસ્લિમ અગ્રણી હાજી સબીરમીયા મલેકે જણાવ્યું છે.

## ગાંધીનગરના સેક્ટર-૬-સી ખાતે વેશભૂષા અને ભજનનો કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૨૩

નડીયાદ જિલ્લાના નાર ગામની મંડળી દ્વારા તાજેતરમાં ગાંધીનગરના આંગણે વેશભૂષા સાથે ભજનના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

ગાંધીનગરના મિત્ર મંડળ, સેક્ટર-૬-સી દ્વારા તા. ૨૪મી નવેમ્બર-૨૦૧૨ને શનિવારના રોજ રાત્રે ૮ કલાકે સેક્ટર-૬-સી, અંબિકા ચોક ખાતે વેશભૂષા અને ભજનનો કાર્યક્રમ યોજાશે. નડીયાદ જિલ્લાના નાર ગામની મંડળી દ્વારા યોજાનાર વેશભૂષા અને ભજનના કાર્યક્રમનો સર્વે વસાહતીઓને લાભ લેવા ખાસ નિમંત્રણ પાઠવ્યું છે.

## ઝુંડાલ કેનાલમાંથી અજાણી યુવતીનો મૃતદેહ મળી આવતા ચકચાર

ગાંધીનગર, તા. ૨૩

કેનાલ સિક્યુરીટી સુપરવાઈઝર આજે સવારના સુમારે ઝુંડાલ કેનાલ પાસે પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન ઝુંડાલ કેનાલના પાણીમાં આશરે ૨૫ થી ૩૦ વર્ષની વયની યુવતીનો તરતો મૃતદેહ દેખાઈ આવ્યો હતો. સિક્યુરીટી સુપરવાઈઝરે પોલીસને જાણ કરતાં અડાલજ પોલીસ ઘટનાસ્થળે દોડી ગઈ હતી. યુવતીના મૃતદેહને બહાર કાઢી તપાસ કરતાં તેણીની ઓળખ થઈ શકે તેવા કોઈ આધાર મળી આવ્યા ન હતા. અજાણી યુવતીનો મૃતદેહ પી.એમ. માટે મોકલી અડાલજ પોલીસે તેણીના વાલીવારસ શોધવા તથા તેણીની ઓળખવીધી માટેતજવીજ સરૂ કરી છે યુવતીના શરીરે ગુલાબી રંગનો બ્લાઉઝ તથા વાદળી રંગનો ચણીયો પહેર્યો છે. તેણીના માથે થોડી ટાલ છે અને હાથે-પગે કોડના નિશાન છે. અડાલજ પી.એસ.આઈ. બી.એમ. રાઠવાએ સઘન તપાસ શરૂ કરી છે.

## શહેરી વિકાસ વિભાગની ક્રિકેટ ટીમનો વિધાનસભા ટીમ સામે ભવ્ય વિજય

ગાંધીનગર, તા. ૨૩

સચિવાલય કલ્યાણ સમિતિ દ્વારા આંતર વિભાગીય ક્રિકેટ સ્પર્ધા-૨૦૧૨નું તાજેતરમાં સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આંતર વિભાગીય ક્રિકેટ સ્પર્ધામાં વિધાનસભા ટીમ સામે શહેરી વિકાસ વિભાગની ટીમે ભવ્ય વિજય મેળવ્યો હતો.

શહેરી વિકાસ વિભાગ, વન અને પર્યાવરણ વિભાગ અને અન્ન અને નાગરિક પુરવઠા વિભાગની સંયુક્ત ક્રિકેટ ટીમે વિધાનસભા ટીમને ૮ વિકેટથી પરાજય આપ્યો હતો. મેચમાં કેપ્ટન અશોકસિંહ પરમારની કુનેહથી અને ખેલાડીઓના સારા પ્રદર્શનથી ટીમે વિજય હાંસલ કર્યો હતો. રૂપક સોલંકીએ ૬ ઓવરમાં ૧૩ રન આપી ૪ વિકેટ ઝડપી મેન ઓફ ધી મેચ બન્યો હતો તથા ભાવિન પટેલે ૪૧ રન કરી ટીમને વિજેતા બનાવવામાં સહકાર આપ્યો હતો.

## સમસ્ત બ્રહ્મ સમાજ સેક્ટર-૨૩નો રવિવારે સ્નેહમિલન કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૨૩

શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ ગાંધીનગર સેક્ટર-૨૩ શાખા દ્વારા તા. ૨૫મી નવેમ્બરના સાંજે ચાર વાગે મેડિકલ ફાર્મા કૉલેજ હૉલ કડી કેમ્પસ ગેટ નં. ૧ માં સ્નેહમિલન કાર્યક્રમ ''હશીખુશી કી શામ બ્રહ્મસમાજ કે નામ'' (ડાયરો) પણ રાખેલ છે. કાર્યક્રમના કન્વીનર પુનમભાઈ ભટ્ટ તથા ભાસ્કરભાઈ વ્યાસે જણાવેલ છે.

## બાજખેડાવાળ સમાજનું ૨૫મીએ સ્નેહમિલન સંમેલન

ગાંધીનગર, તા. ૨૩

શ્રી બાજખેડાવાળ સમાજ ગાંધીનગર, બાજખેડાવાળ મિત્ર મંડળ, મહિલા મંડળ, યુવા મંડળ દ્વારા નૂતન વર્ષ નિમિત્તે ગાંધીનગર સ્થિત બાજખેડાવાળ જ્ઞાતિજનોનું સ્નેહમિલન તા. ૨૫મી નવેમ્બરના રોજ બપોરે ત્રણ વાગે સરિતા ઉદ્યાન, ગાંધીનગરમાં યોજાશે. કિરણભાઈ આર. પંડ્યા, પ્રમુખશ્રી, બાજખેડાવાળ મિત્ર મંડળ, જણાવેલ છે.

## સમસ્ત બ્રહ્મ સમાજ સેક્ટર-૨૩નો રવિવારે સ્નેહમિલન કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૨૩

શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ ગાંધીનગર સેક્ટર-૨૩ શાખા દ્વારા તા. ૨૫મી નવેમ્બરના સાંજે ચાર વાગે મેડિકલ ફાર્મા કૉલેજ હૉલ કડી કેમ્પસ ગેટ નં. ૧ માં સ્નેહમિલન કાર્યક્રમ ''હશીખુશી કી શામ બ્રહ્મસમાજ કે નામ'' (ડાયરો) પણ રાખેલ છે તેમ કન્વીનર પુનમભાઈ ભટ્ટ તથા ભાસ્કરભાઈ વ્યાસે જણાવેલ છે.

# જુગારના કેસમાં પોલીસ કર્મીઓ સહિત ૧૧ આરોપીઓને એક માસની કેદ

### જુની કલેકટર કચેરીમાં સ્થિત ટ્રેઝરી ગાર્ડની ઓફિસમાં પાનાં-પત્તાનો જુગાર રમતા ઝડપાયા હતા

ગાંધીનગર, તા.૨૩

જુની કલેકટર કચેરીમાં જુગાર રમતાં ઝડપાયેલાં ૧૧ ઈસમોને ગાંધીનગર કોર્ટે ૧ મહિનાની કેદની સજા અને રૂ. ૨૦૦ દંડ ભોગવવા હુકમ કર્યો છે.

આ કેસની પ્રાપ્ય વિગત અનુસાર તા. ૨૧ જુન વર્ષ ૨૦૧૦ના રોજ સાંજે ૬ થી ૮ કલાક દરમિયાન સેકટર-૧૧ સ્થિત જુની કલેકટર કચેરીમાં પાના-પત્તા રમીનો જુગાર રમાતો હોવાની બાતમી જિલ્લા પોલિસ અધિક્ષકને મળી હતી. જેના અનુસંધાને જિલ્લા પોલિસ અધિક્ષકે વોરંટ બજાવતા સેકટર-૭ અને એલ.સી.બી. પોલીસે જુની કલેકટર કચેરીના ભોંયતળીયેથી સ્થિત ટ્રેઝરી ગાર્ડની ઓફિસમાં દરોડો પાડયો હતો આ દરમિયાન ચાર થી પાંચ પોલિસ કર્મચારી સહિત કુલ ૧૧ આરોપીઓ પાના-પત્તાનો જુગાર રમતાં રંગે હાથ ઝડપાયા હતા. આ દરમિયાન પોલીસે આરોપી ઈશ્વરસાંકા દેસાઈ, દિલિપસિંહ દેવુભા બોરાણા, શ્રી રામ જયરામ ખાટકી, ભવાન કાનજી પરમાર, મહેશ બળદેવભાઈ દરજી, શાબીર કાળુભાઈ મલેક, કમલેશ વાલજી વાળા, નંદુ ઈશ્વર પટેલ, જીવા ત્રિકમ પ્રજાપતિ, પ્રવિણસિંહ નેનસિંહ વાઘેલા, પ્રશાંત ચંદ્રકાંત પાવસ્કર સહિતના આરોપીઓની ધરપકડ કરી હતી. આ કેસ ગાંધીનગરની દસમા એડિશનલ ચિફ જયુ. મેજી. કોર્ટમાં ચાલી જતાં સરકારી વકીલ તરીકે વિમલ કે. કાંટાવાલાએ દલીલો કરી હતી જેના અંતે જજ એમ.એ. મિરઝાએ પોલીસ તેમજ સાહિદોની જુબાની પોલિસ અધિક્ષકના વોરંટ ઉપરાંત અન્ય દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લઈને તમામ આરોપીઓને ૧ મહિનાની કેદની સજા ભોગવવા હુકમ કર્યો છે. વધુમાં કોર્ટે દરેક આરોપીઓને રૂ. ૨૦૦ દંડ ભોગવવા અને દંડ ન ભરે તો વધુ ૫ દિવસની કેદની સજા ભોગવવા હુકમ કર્યો છે.

## ઉદ્યોગ અને ખાણ વિભાગ તથા ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની સંયુકત ક્રિકેટ ટીમનો ૬૪ રને વિજય

ગાંધીનગર, તા.૨૩

કલ્યાણ સમિતિ દ્વારા સચિવાલય આંતર વિભાગીય ક્રિકેટ ટુર્નામેન્ટ અંતર્ગત ઉદ્યોગ અને ખાણ વિભાગ તથા ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની સંયુકત ટીમે કૃષિ અને સહકાર વિભાગની ટીમ સામે ૬૪ રને ભવ્ય વિજય મેળવ્યો હતો. જેમાં મહેન્દ્રસિંહ ચાવડાને મેન ઓફ ધ મેચ જાહેર કરાયાં હતાં.

ઉદ્યોગ અને ખાણ વિભાગ તથા ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની સંયુકત ક્રિકેટ ટીમ અને કૃષિ અને સહકાર વિભાગની ટીમ વચ્ચે તાજેતરમાં ક્રિકેટ મેટ યોજાઈ હતી. ઉદ્યોગ અને ખાણ વિભાગ તથા ઉર્જા અને પેટ્રોકમિકલ્સ વિભાગની સંયુકત ટીમે ટોસ જીતી પ્રથમ બેટીંગ લીધી હતી. જેમાં બળવંતસિંહ પરમારે ૫૩ રન, હિતેન પટેલે ૩૭ રન, દિપેશ રાજે ૩૫ રન, મહેન્દ્ર ચાવડાના ૨૦ રન મળીને ૩૦ ઓવરમાં કુલ ૧૮૬ રન કર્યા હતા. જયારે કૃષિ અને સહકાર વિભાગની ટીમ ૨૫.૩ ઓવરમાં ૧૨૨ રન કરી ઓલ આઉટ થઈ ગઈ હતી. જેમાં મહેન્દ્રસિંહ ચાવડાએ ૪ વિકેટ તથા અલ્પેશ ભાવસારે ૨ વિકેટ ઝડપી હતી. મહેન્દ્રસિંહ ચાવડાને મેન ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યા હતા. ઉદ્યોગ અને ખાણ વિભાગ તથા ઊર્જા અને પેટ્રોકમિકલ્સ વિભાગની ટીમે ૬૪ રને ભવ્ય વિજય મેળવ્યો હતો.

## આજે કૈલાસધામમાં લઘુરૂદ્રનું આયોજન

ગાંધીનગર, તા. ૨૩

રૂદ્રીમંડળના પ્રમુખ આર.જે. દવેએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, કૈલાસધામ વૃદ્ધાશ્રમ પેથાપુર રોડ ખાતે આજે તા. ૨૪મી નવેમ્બર-૨૦૧૨ને શનિવારે સવારે ૯ કલાકે લઘુરૂદ્રનું આયોજન કરવામાં આવ્યું છે. પ્રયોજક બી.એસ. દેરાશ્રયી દ્વારા સર્વે સભ્યોને હાજર રહેવા ખાસ જણાવાયું છે.

## ગાંધીનગરમાં મહોરમ પર્વે તાજીયા જુલુસ નિકળશે

ગાંધીનગરના મુસ્લિમ અગ્રણી બાબુભાઈ મનસુરીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે દર વર્ષની જેમ આ વર્ષે પણ તા.૨૫મી નવેમ્બરે પરંપરાગત રીતે તાજીયા જુલુસ ગાંધીનગરમાં નીકળશે.

મુસ્લિમ સમાજવતી આયોજીત તાજીયા જુલુસની તડામાર તૈયારીઓ છેલ્લા ઘણા દિવસથી ચાલી રહી છે. આ વર્ષે પણ સેકટર-૨૯, સેકટર-૨૮ ચરેડી, સેકટર-૨૪ ખાતેથી તાજીયા મહોરમ-જુલુસ પરંપરાગત રીતે નિકળશે. કોમી એકતા, સદભાવના અને ભાઈચારાના સંદેશ સાથે નિકળનારા તાજીયા જુલુસમાં ગાંધીનગરના સૌ ધર્મબંધુઓ જોડાય છે એમ બાબુભાઈ મનસુરી, ઈમામશા, દિવાન, વલીમહંમદ મિયાણાએ જણાવ્યું છે.

# ૨૧ વર્ષીય પરિણીતાનો કરાઈ કેનાલમાં ઝંપલાવી આપઘાત

### આઠ માસના બાળકને મુકીને મોતને ભેટી જવા પાછળ ઘર કંકાસ કારણભૂત હોવાની આશંકા

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર નજીક આવેલી કરાઈ નર્મદા કેનાલમાં કલોલના સાંતેજ વિસ્તારમાં રહેતી ૨૧ વર્ષીય પરિણીતાએ કોઈ અગમ્ય કારણોસર પડતું મુકીને આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી છે. પરિણીતાનો તરતો મૃતદેહ જોઈ કેનાલ સિકયુરિટી ગાર્ડે પોલીસને જાણ કરતાં ડભોડા પોલીસ સ્થળ પર દોડી આવી હતી અને મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલી અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ શરુ કરી છે. ઘર કંકાસથી કંટાળીને પરિણીતાએ કેનાલમાં ઝંપલાવ્યું હોવાનું પ્રાથમિક તપાસમાં પોલીસને જણાઈ આવ્યું છે તે દિશામાં પણ પોલીસે સઘન તપાસ આરંભી છે.

પ્રાપ્ત માહિતી મુજબ કલોલના સાંતેજ વિસ્તારમાં રહેતી ૨૧ વર્ષીય પરિણીતા કાજલબેન ભીખાભાઈ રાવળને આઠ માસનો દિકરો છે તેણીનું પિયર વલાદ ગામ છે. કોઈ કારણોસર કાજલબેન ત્રણ દિવસ અગાઉ ૨૦મી તારીખે ઘરેથી નીકળી ગઈ હતી પરંતુ તેણીની શોધખોળ બાદ પણ પત્તો મળ્યો ન હતો. દરમિયાન ગઈ કાલે સાંજના સુમારે તેણીનો કરાઈ નર્મદા કેનાલમાંથી તરતો મૃતદેહ મળી આવ્યો હતો. કાજલબેને નર્મદા કેનાલમાં છલાંગ લગાવીને મોતને વ્હાલું કરી મુકયું હતું. ડભોડા પોલીસને જાણ થતાં પી.એસ.આઈ. રાઠવા બનાવ સ્થળે દોડી ગયા હતા. આપઘાતનું ચોકકસ કારણ હજુ સુધી સ્પષ્ટપણે બહાર આવી શકયું નથી. પ્રાથમિક તપાસમાં ઘર કંકાસ કારણભુત હોવાની શકયતા પોલીસે વ્યકત કરી છે. અકસ્માત મોતનો ગુનો દાખલ કરી ડભોડા પોલીસે તપાસનો દોર શરુ કર્યો છે.

# મંડપ બાંધતા બે મજુરો જીવંત વિજવાયરને ચોંટી ગયા : ૧નું મોત

### મુખ્યમંત્રી કાર્યાલયમાં ફરજ બજાવતા અધિકારીના દિકરાના રિસેપ્શન માટે ડેન્ટલ કોલેજમાં મંડપ બંધાઈ રહ્યો હતો : એક મજુરની હાલત ગંભીર

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર નજીક આવેલા ઉવારસદ ખાતે ડેન્ટલ કોલેજમાં મુખ્યમંત્રી કાર્યાલયમાં ફરજ બજાવતા એક અધિકારીના પુત્રના યોજાનાર રીસેપ્શન માટે મંડપ બંધાઈ રહ્યો હતો તે દરમિયાન મુખ્ય દરવાજો ઉભો કરતી વખતે ઉપરથી પસાર તથા વિજવાયરને મંડપ બાંધતા અડકી ગયેલા મજુરને કરંટ લાગી ગયો હતો. મંડપ ઉપર ચઢેલા તે મજુરે પકડેલો લોખંડનો પાઈપ અન્ય એક મજુરે નીચેથી પકડી રાખ્યો હતો જેથી બંને વિજકરંટની ઝપટમાં આવી ગયા હતા. જે પૈકી નીચે લોખંડની પાઈપ પકડીને ઉભેલા મજુરનું કરંટ લાગવાથી મૃત્યુ નિપજયું છે જયારે ઉપરથી નીચે પટકાયેલા મજુરને ગંભીર હાલતમાં અમદાવાદ હોસ્પિટલ લઈ જવામાં આવ્યો છે. અડાલજ પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ આરંભી છે.

મુખ્યમંત્રી કાર્યાલયમાં ફરજ બજાવતા એક અધિકારીના દિકરાના ગાંધીનગર નજીક ઉવારસદ ખાતે ડેન્ટલ કોલેજમાં રીસેપ્શન રાખેલ હોવાથી તે અંતર્ગત મંડપની આજે તૈયારીઓ ચાલી રહી હતી. મંડપ બાંધી રહેલા મજુરો તેનો ગેઈટ બનાવી રહ્યા હતા. જેમાં કિશન છત્રાભાઈ મારવાડી નામનો મજુર ગેઈટની ઉપર ચઢી ગેઈટને આખરી ઓપ આપી રહ્યો હતો. દરમિયાન ઉપરથી પડી ન જવાય તે માટે લોખંડની એક પાઈપ કિશને ટેકા સ્વરૂપે પકડી રાખી હતી. નીચે તે પાઈપને પકડીને બીજો મજુર ૨૦ વર્ષીય શંકર પ્રભાભાઈ મારવાડી ઉભો હતો. દરમિયાન ઉપરથી પસાર થતા વિજ વાયરને લોખંડની પાઈપ અડકી જતાં બંને મજુરો ચોંટી ગયા હતાં. ઉપર ચઢેલો મજુર કિશન નીચે પટકાયો હતો. જયારે નીચે પાઈપ પકડીને ઉભેલો શંકર પાઈપ સાથે ચોંટી જ ગયો હતો. બંનેને તાત્કાલિક હોસ્પિટલમાં સારવાર અર્થે લઈ જવાયા હતાં. જયાં શંકર મારવાડીનું કરૂણ મોત નિપજયું હતું. જયારે ઉપરથી પટકાયેલા અને ગંભીર રીતે કરંટથી દાઝી ગયેલા કિશનને તાત્કાલિક વધુ સારવાર અર્થે અમદાવાદ લઈ જવાયો છે. હજુ તે જીવન-મૃત્યુ વચ્ચે ઝોલા ખાઈ રહ્યો છે. અડાલજ પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી આરંભી છે.

## મિલકત વેરો ભરવાની મુદત વધારવા સે. ૨૯ના રહિશોની માગ

મિલકતવેરો વસુલવાના મામલે મહાનગરપાલિકા કક્ષાએથી જડ વલણ ન અપનાવાય તેવી પ્રબળ લાગણી નગરજનોમાં પ્રવર્તી છે.

સેક્ટર-૨૯ હુસેનીચોકના રહિશોએ મિલકત વેરાની ગણતરી મામલે અન્યાય થયો હોવાની લાગણી વ્યક્ત કરી વેરો ભરપાઈ કરવાની મુદત વધારવા પ્રબળ માંગ કરી છે. વધુમાં વેરા વસુલાત મામલે સર્જાયેલી વિસંગતાઓ દૂર કરવા પણ રજૂઆતમાં જણાવ્યું છે.

સેક્ટર-૨૯ હુસેનીચોકના રહિશોએ મહાનગરપાલિકાના કમિશનર સમક્ષ રજુઆતમાં જણાવ્યા અનુસાર વેરાના મામલે રહિશોને અપાયેલી નોટીસની તારીખ અને બજવણીના સમયમાં મોટો તફાવત છે. જેથી વેરો ભરપાઈ કરવાના મામલે નાગરિકોને રજુઆત કે ખુલાસો કરવાનો કોઈ અવકાશ રહેતો નથી. જેથી વેરો ભરવાની મુદત નોટીસ મળ્યા બાદ બે મહિના સુધી કરવાની અનિવાર્યતા ઉભી થઈ છે. બીજી તરફ કર્મચારીઓએ પોતાના મકાન સંદર્ભે આપેલી માહિતીમાં નામ, ઉપરાંત બાંધકામનું વર્ષ સહિતની બાબતો ખોટી દર્શાવાઈ છે. જ્યારે વેરાની રકમ આંકવાંનુ ધારાધોરણ પણ યોગ્ય ન હોવાનું સ્પષ્ટ થયું છે. એક સરખા બાંધકામમાં પણ વેરાની રકમમાં તફાવત જોવા મળે છે. ત્યારે આ સઘળી સ્થિતિને ધ્યાને લઈ વેરાની નોટિસના અંતે પણ વાંધા અરજીઓ ગ્રાહ્ય રાખવામાં આવે તેમ પણ જણાવાયું છે. વધુમાં શહેરમાં સફાઈ કામગીરીના નામે મીંડુ છે. ત્યારે સફાઈ બીલ વસુલવાની વાત તદ્દન ગેરવાજબી હોવાનું આક્રોશ પણ સોસાયટીના રહિશોએ વ્યક્ત કર્યો છે.

## કલોલના પીયજ નર્મદા કેનાલની દિવાલમાં ગાબડુ પડી ગયું..!

### પાણીનું સ્તર ઉપર આવે તો રસ્તાઓમાં પણ ગાબડા પડવાની દહેશત

કલોલ, તા. ૨૩

કલોલ નજીકના પીયજ ગામમાંથી પસાર થતી નર્મદા કેનાલમાં આજે સવારના સુમારે પાંચેક ફૂટ જેટલું મોટુ ગાબડુ પડી જતાં ભારે દોડધામ સાથે ગ્રામજનોનું ટોળુ એકઠુ થઈ જવા પામ્યું હતું. જો કે કેનાલની દિવાલમાં પડેલુ ગાબડુ પાણીના સ્તરથી ઘણું ઉપર હોવાથી પાણી બહાર ખેતરોમાં ભરાઈ જવા પામ્યુ નથી કે અન્ય કોઈપણ જાતનું નુકશાન થવા પામ્યું નથી. જો પાણીનું સ્તર ઉપર આવે તો આ ગાબડામાંથી ખેતરોમાં પાણી ભરાઈ જવા ઉપરાંત આસપાસની જગ્યાઓ પર પાણી ફરી વળશે તેવી ગ્રામજનોમાં દહેશત ફેલાઈ જવા પામી છે.

જિલ્લાના કલોલ પાસે સ્થિત પીયજ ગામમાંથી પસાર થતી નર્મદા કેનાલની દિવાલમાં આજે સવારે ગાબડુ પડી જવાની ઘટના બનવા પામી છે. આશરે પાંચેક ફૂટ જેટલું કેનાલના દિવાલમાં ગાબડુ પડી જતાં ગ્રામજનોના ટોળેટોળા સ્થળ પર ઉમટી આવ્યા હતા. જો કે સદ્ભાગ્યે દિવાલના ગાબડાથી કેનાલના પાણીનું લેવલ નીચુ હોવાથી પાણી બહાર ફરી વળવાની કે અન્ય કોઈ દુર્ઘટના બનવા પામી નથી. જો પાણીનું લેવલ વધે તો ખેતરોમાં પાણી ભરાઈ જવાની ભીતી ગ્રામજનોમાં સેવાઈ રહે છે. તે ઉપરાંત જો પાણીનો પ્રવાહ ગાબડામાંથી બહાર આવવા લાગે તો તે વિસ્તારની જમીનમાં ભેજ આવી જવાથી જમીન પોચી બની જવાની અને તેના લીધે રોડ-રસ્તાઓમાં પણ ગાબડા પડી જવાની દહેશત ફેલાઈ ગઈ છે.

## આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

સૂર્યોદય : ૬.૪૩

સૂર્યાસ્ત : ૬.૦૧

### તાપમાન

મહત્તમ : ૩૦.૮ ડિ.સે.

લઘુત્તમ : ૧૩.૦ ડિ.સે.

### ભેજનું પ્રમાણ

સવારે ૭૦ ટકા ● સાંજે ૩૭ ટકા

### મનોરંજન

**સિટી પલ્સ**

: સ્ક્રીન-૧ :

સન ઑફ સરદાર : ૧૦.૦૦, ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :

જબ તક હૈ જાન : ૧૨.૦૦, ૩.૩૦, ૯.૩૦

લાઈફ ઑફ પાઈ (અંગ્રજી) : ૭.૦૦

: સ્ક્રીન-૩ :

જબ તક હૈ જાન : ૧૦.૦૦, ૬.૩૦

લાઈફ ઑફ પાઈ (હિન્દી) : ૧.૧૫, ૪.૦૦ ૧૦.૧૫

: સ્ક્રીન-૪ :

સન ઑફ સરદાર : ૧૧.૩૦, ૫.૩૦

જબ તક હૈ જાન : ૨.૧૫, ૮.૩૦

**સિને મેક્સ**

: સ્ક્રીન-૧ :

લાઈફ ઑફ પાઈ(હિન્દી) : ૯.૪૫, ૫.૪૫, ૧૦.૩૦

થુપાક્કી : ૧૨.૧૫

ટ્વાલાઈટ : ૩.૩૦, ૮.૧૫

: સ્ક્રીન-૨ :

જબ તક હૈ જાન : ૧૧.૦૦, ૫.૩૦

સન ઑફ સરદાર : ૨.૩૦, ૯.૦૦

: સ્ક્રીન-૩ :

સન ઑફ સરદાર : ૯.૩૦, ૩.૪૫, ૧૦.૧૫

જબ તક હૈ જાન : ૧૨.૧૫, ૬.૩૦

: સ્ક્રીન-૪ :

જબ તક હૈ જાન : ૯.૦૦, ૩.૧૫, ૯.૩૦

સન ઑફ સરદાર : ૧૨.૩૦, ૬.૪૫

**સૂર્યા, વાવોલ**

સન ઑફ સરદાર : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

પ્રિત શાયબા ન ભુલાય: ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

**મૂવી પ્લેક્સ, કલોલ**

: સ્ક્રીન-૧ :

સન ઑફ સરદાર : ૧૦.૪૫, ૧.૩૦, ૪.૧૫, ૭.૦૦, ૧૦.૧૫

: સ્ક્રીન-૨ :

જબ તક હૈ જાન : ૧૦.૩૦, ૨.૦૦, ૬.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :

ઑપરેશન મુંબઈ : ૧૦.૩૦, ૧૨.૪૫, ૭.૩૦,૧૦.૧૫

સન ઑફ સરદાર : ૨.૩૦, ૫.૦૦

**ચિરાગ, કલોલ**

સન ઑફ સરદાર : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

**આંબેડકર હોલ**

- ગુજરાત તુરી સમાજ સેવા સંઘ, ગાંધીનગર દ્વારા સામાજિક કાર્યક્રમ સવારે ૯.૦૦ કલાકે.

### આપની આજ

**મેષ** : કુટુંબીજનો સાથે ભાગ્યવર્ધક સંભવિત યાત્રા-પ્રવાસ થઈ શકે છે. કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિવર્તનના યોગ બની રહ્યા છે નોકરીમાં બદલી-બઢતી થઈ શકે છે.

**વૃષભ** : ભાગ્યવર્ધક કાર્યોમાં અડચણ સંભવિત. સત્સંગમાં ભાગ લેવાનું થઈ શકે છે. માનસિક શાંતિ જાળવી રાખવી હિતાવહ છે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે. વ્યાપાર-વ્યવસાય મધ્યમ રહેશે.

**મિથુન** : વિવાદિત વ્યાપાર-વ્યવસાયિક કાર્યોમાં આર્થિક લાભનાં નવા સ્ત્રોત તરફ વિચાર-વિમર્શનો યોગ. પ્રવાસનું આયોજન થશે. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. સગા-સંબંધીઓથી મુલાકાત થઈ શકે છે.

**કર્ક** : નવા આર્થિક સ્ત્રોત પર કાર્ય થશે. અન્ય વ્યક્તિઓ પર વિશ્વાસ મુકતાં પહેલાં વિચાર કરવો. વ્યાપાર- વ્યવસાયમાં સારો અને લાભદાયી રહેશે. માતા-પિતાનું આરોગ્ય ઠીક રહેશે. નવા સંબંધ લાભદાયક રહેશે.

**સિંહ** : આવક- જાવકમાં સંતોલન રહેશે. કાર્યક્ષમતામાં વૃદ્ધિ થઈ શકે છે. માનસિક અસ્થિરતા દૂર કરી અને કાર્ય સમય પર પૂર્ણ કરવાનો પ્રયત્ન કરો.

**કન્યા** : નાણાંકીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત થશે. સમાજમાં માન, પદ-પ્રતિષ્ઠા, સંબંધી કાર્યોમાં લોકપ્રિયતામાં વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. ધાર્મિક ક્ષેત્રમાં ભાગ્યવર્ધક યાત્રાઓ વિશેષ યોગ. કલાત્મક કાર્ય થશે.

**તુલા** : વ્યાપાર- વ્યવસાય, નોકરી વગેરેમાં આર્થિક પ્રકરણોમાં વિશેષ અનુસંધાન યોગ બની રહ્યો છે. કુટુંબમાં માંગલિક કાર્યો થઈ શકે છે. રોગ, શત્રુ વિવાદ વગેરેમાં ખર્ચ થશે.

**વૃશ્ચિક** : કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક યાત્રા. આજે માનસિક ત્રાસદીથી બચવું. આવકના સ્ત્રોતથી વિશેષ લાભ થવાની સંભાવના છે. ધાર્મિક યાત્રાઓનો યોગ પ્રબળ બની રહ્યો છે. જળ વિભાગોથી ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

**ધન** : તમારી વ્યવહાર કુશળતાથી વ્યાપાર- વ્યવસાયમાં લાભ મળવાની સંભાવના છે. નવી યોજનાઓ પર કાર્ય આજે થઈ શકશે. જીવનમાં નિરાશાનો આભાસ થઈ શકે છે. પરંતુ તમે તેને દુર કરી દ્રઢમનોબળ સાથે તમે આગળ વધશો.

**મકર** : નોકરીમાં ઉચ્ચ અધિકારીઓથી વિવાદ થવાની સંભાવના છે. પ્રયત્નોનું ફળ પ્રાપ્ત થઈ શકશે. સામાજિક ક્ષેત્રમાં તમારી ખ્યાતિમાં વધારો થશે. વ્યવસાયિક યાત્રા લાભપ્રદ બની રહેશે.

**કુંભ** : કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિવર્તન થઈ શકે છે. કુંટબના સભ્યોને લઈને માંગલિક કાર્યની રૂપરેખા બનશે. દૈનિક વેપારમાં ભાગીદારી પરિવર્તન સંબંધી કાર્ય થઈ શકે છે. વિવાદમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

**મીન** : સામાજિકક્ષેત્રમાં સુખ- સુવિધા, પદ-પ્રતિષ્ઠા સંબંધી વિશેષ યોગ બની રહ્યા છે. વાહન સુખનો ઉત્તમ યોગ છે. કર્મક્ષેત્રમાં વિશેષ કલાત્મક કાર્યો થઈ શકશે. વિશેષ ખર્ચ થવાની સંભાવના છે.